# પાલનપુર સિવિલની વધુ એક બેદરકારી

## સ્વાઇન ફ્લૂના દર્દીનું સેમ્પલ ૩ દિવસ પડ્યું રહ્યું : રેઢિયાળ તંત્ર સેમ્પલ મોકલવાનું જ ભૂલી ગયું : દર્દીના સગાઓએ હોબાળો કરતા પાલનપુર ધારાસભ્ય પણ દોડી આવ્યા

એકબાજુ રાજ્યભરમાં સ્વાઈન્ફલુનો કહેર વધતો જાય છે. ત્યારે ખુદ રાજ્યના મુખ્યમંત્રી અને રાજ્ય આરોગ્ય મંત્રી ચિંતિત છે. ત્યારે બીજીબાજુ સ્વાઈન્ફલુ જેવા રોગમાં પણ પાલનપુર સિવિલની એક પછી એક ઘોર બેદરકારી સામે આવી રહી છે. જેમાં સિવિલનું રેઢિયાળ તંત્ર શંકાસ્પદ સ્વાઈનફ્લુના દર્દીનું સેમ્પલ મોકલવાનું જ ભૂલી જતા દર્દીના સ્વજનોએ હોબાળો મચાવ્યો હોવાની ઘટના સામે આવી છે.

દર્દીના સગાંઓના જણાવ્યા મુજબ, ઈકબાલગઢ માર્કેટયાર્ડ ના માજી ચેરમેન કાંતિભાઈ પટેલનું તાજેતરમાં સ્વાઈનફ્લૂથી મોત નિપજ્યું હતું. જે મૃતકની સારવાર દરમિયાન તેમના નજીકના મિત્ર મફતભાઈ પટેલ હાજર હતા. જેથી તેઓને પણ શંકાસ્પદ સ્વાઈન્ફલૂના લક્ષણો જણાતા પાલનપુર સિવિલમાં ત્રણ દિવસ અગાઉ દાખલ કરાયા હતા. જેઓનું સ્વાઈનફ્લુનું સેમ્પલ લેવામાં આવ્યું હતું. પરંતુ તેનો આજદિન સુધી રિપોર્ટ ન આવતા દર્દીના સગાઓએ કડક ઉઘરાણી કરી હતી. જેમાં સિવિલના સત્તાવાળાઓ આ સેમ્પલ મોકલવાનું જ ભૂલી ગયા હોવાની ચોંકાવનારી વિગત બહાર આવી હતી. જેને પગલે દર્દીના સગાઓએ હોબાળો મચાવ્યો હતો. જેને પગલે પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલ પણ દોડી આવ્યા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે ભૂલ સ્વીકારી માફી માંગતા માંડ મામલો થાળે પડ્યો હતો.




### જાહેર આરોગ્ય સાથે ખિલવાડ : ધારાસભ્ય

પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલે પણ આ ઘટનાને જાહેર આરોગ્ય સાથે ખિલવાડ સમી ગણાવી હતી. તેઓએ રાજ્યના આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીને પણ રજુઆત કરી હોવાનું જણાવ્યું હતું. જોકે, આ દર્દીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. પરંતુ જો પોઝેટીવ આવ્યો હોત તો સિવિલની આ બેદરકારી જીવલેણ પણ સાબિત થઈ શકે તેમ હોવાનું ઉમેરતા ધારાસભ્ય મહેશ પટેલ સહિત દર્દીના સગાઓએ સિવિલના બેજવાબદાર સ્ટાફ સામે ઉભરો ઠાલવ્યો હતો.



### યુનેસ્કોના ડિરેક્ટર જનરલ ઈરિના બોકોવાએ મોઢેરા સૂર્યમંદિરની મુલાકાતે

યુનેસ્કોના ડિરેક્ટર જનરલશ્રી ઈરીના બોકોવા અને દિલ્હી ખાતેના યુનેસ્કોના ડિરેકટરશ્રી શીગોયુ ઓયાઝીએ ભારત દેશમાં અગીયારમી સદીના મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતેના સુર્યમંદિર અને તેની આસપાસના વિસ્તારોની મુલાકાત લઈ આ સ્થળને વૈશ્વિક વિરાસતનો દરજ્જો આપવા બાબતના વિચાર વિમર્શ અને ઝીણવટભરી તપાસ કરી જાણકારી મેળવી હતી. મહેસાણા જિલ્લા કલેકટરશ્રી એચ.કે.પટેલે સૂર્યમંદિર મોઢેરાની પાર્શ્વભૂમિકા રજૂ કરી હતી.તેણે યુનેસ્કોના ડિરેકટર જનરલના પ્રતિનિધિ સાથે રહી વૈશ્વિક વારસમાં સમાવેશ કરવા માટેના જરૂરી સુચનો કર્યા હતા. આ પ્રસંગે યુનેસ્કોના ડિરેકટર જનરલના એક્ઝીક્યુટીવ અધિકારી સુશ્રી સિન્થીયા ગુરૂ માહ,ડેસ્ક ઓફિસર શ્રીમાન માહા ટ્રા, યુનેસ્કો કલ્ચરલ સેક્ટરના દિલ્હી ખાતેના ચીફ ઓફિસર સુશ્રી મોઈચીબાએ મોઢેરા સુર્યમંદિરની બારીકાઈથી નિરીક્ષણ કરી જાણકારી મેળવી હતી.




મોડાસાના માલપુર રોડ પર આવેલી ઈદગાહમાં મુસ્લિમ બિરાદરોએ ઈસ્લામ ધર્મના પવિત્ર પર્વ ઈદુલ અઝહા (બકરી ઈદ) નમાજ અદા કરી હતી. ત્યારબાદ કુરબાની આપી બકરી ઈદની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી એકબીજાને ઈદ મુબારકબાદી પાઠવી હતી.

# સરપંચો અને પંચાયતોને પુરતા અધિકાર આપો તો જ પંચાયતીરાજ મજબૂત થશે : રાજેન્દ્ર પારધી

મોડાસા, તા. ૨

ભારત છોડો ચળવળ-૧૯૪૨ના ૭૫ વર્ષ પૂર્ણ થતા આ વર્ષને સંકલ્પ પર્વ વર્ષ તરીકે ઉજવણી કરવામાં આવી રહે છે. જેના ભાગરૂપે પંચાયત પદાધિકારી સંમેલન અરવલ્લી જિલ્લામાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીના અધ્યક્ષ સ્થાને આજરોજ મળેલ. તેમાં અરવલ્લી જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના પ્રમુખો, સદસ્યો અને ગ્રામ પંચાયતના સરપંચો અને સદસ્યો મોટા પ્રમાણમાં ઉપસ્થિત રહેલ.

સંમેલનને સંબોધન કરતાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ જણાવેલ કે રાજ્યનું પંચાયતીરાજ દેશમાં ઘણા લાંબા સમયથી પ્રથમ સ્થાને ગણાતુ હતુ. પરંતુ છેલ્લા રીપોર્ટ પ્રમાણે ગુજરાતનું પંચાયતીરાજ ૧૭માં સ્થાને આવી ગયેલ છે. ગાંધીજી માનતા હતા કે, દેશને જો મજબુત કરવો હોય તો પ્રથમ ગામડુ મજબુત કરવુ પડશે. પરંતુ છેલ્લા ૨૦ વર્ષથી રાજ્યના ગામડા દિન પ્રતિદિન તુટી રહેલ છે અને ગ્રામીણ વિકાસ અટકી ગયેલ છે. મારા દ્વારા તેમજ પંચાયત પરિષદ દ્વારા અવાર-નવાર આ સંદર્ભે રાજ્ય સરકાર અને મહામહીમ રાજ્યપાલશ્રીને રજૂઆત કરવામાં આવેલ છે. અમારી માંગણી હતી કે, રાજ્યના તમામ સરપંચોને માનદ્ વેતન મળવુ જોઈએ અને જે અન્ય રાજ્યોમાં આપવામાં આવે છે. હાલમાં રાજ્ય સરકાર દ્વારા ગ્રામ પંચાયતના નાણાંકીય વહીવટમાં સરપંચોના અધિકાર ઉપર જે તરાપ મારેલ છે તેની પણ તાકીદે દૂર કરવા રજૂઆત કરવામાં આવેલ હતી. ૭૫ વર્ષની જ્યારે ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે યુપીએ સરકાર દ્વારા ગરીબલક્ષી યોજનાઓ જેવી કે મનરેગા, નેશનલ ફુડ સીક્યુરીટી બીલ, ઈન્દીરા ગાંધી આવાસ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, સર્વ શિક્ષા અભિયાન, આમ આદમી વિમા યોજના, ભારત નિર્માણ વિગેરે અનેક યોજનાઓ અમલમાં મુકી ગામડાને ઉભુ કરવા પ્રયત્ન કરેલ છે તે પણ આ ૭૫ વર્ષની ઉજવણી પ્રસંગે ભુલી શકાય તેમ નથી.



વધુમાં રાજેન્દ્ર પારધીએ જણાવેલ કે, પંચાયતીરાજને સક્ષમ અને મજબુત બનાવવા માટે સરપંચો તેમજ તાલુકા-જિલ્લા પંચાયતના હોદેદાર અને પંચાયતોને પુરતા પ્રમાણમાં અધિકારો સુપ્રત કરવામાં આવે તો જ પંચાયતીરાજ મજબુત થશે અને સફળતાના શીખરો સર કરશે તેવી એક અખબારી યાદીમાં રાજેન્દ્ર પારધી જણાવે છે.

# પ્રાંતિજ ખાતે ૧૪મુ ગણિત વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૭ યોજાયું

## પ્રાંતિજ-તલોદ તાલુકાની ૫૪ શાળાઓએ ભાગ લીધો : ૬૬ કૃતિઓ પ્રદર્શીત કરવામાં આવી

પ્રાંતિજ, તા.૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વલભી શાળા વિકાસ સંકુલ કક્ષાનું ૧૪મુ ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન યોજાયું.



પ્રાંતિજ શેઠ.પી.એન્ડ.આર હાઈસ્કૂલ ખાતે જી.સી.આ.આર.ટી. ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી હિંમતનગર તથા એન.સી.આ. આર.ટી. નવી દિલ્હી દ્વારા વલ્લભી શાળા સંકુલ પ્રાંતિજ ખાતે ૧૪મુ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન-૨૦૧૭ યોજાયું હતુ જેમાં પ્રાંતિજ-તલોદની ૫૪ શાળાઓએ ભાગ લઈને ૬૬ કૃતિઓ પ્રદર્શીત કરવામાં આવી હતી. જેમાં પાંચ વિભાગ પાડવામાં આવ્યાં હતા. ગાણિતિક નમુનો, પરિવહન પ્રત્યાયન, જળ સ્ત્રોતોની જાળવણી, સં. વ્યવસ્થાપન-અન્ન સુરક્ષા, સ્વાસ્થ્ય અને સુખાકારી જેમાં શ્રેષ્ઠ કૃતિઓ તરીકે વિભાગ-૧માં ટીનીટી હાઈસ્કૂલ તલોદ વિભાગ-૨ અને ૩માં શેઠ.પી.એન્ડ આર હાઈસ્કૂલ પ્રાંતિજ વિભાગ-૪માં સી.ડી.પટેલ હાઈસ્કૂલ તલોદ વિભાગ-૫માં જે.ડી. ઉપાધ્યાય મહિયલનો સમાવેશ થયો હતો.

આ પ્રસંગે જીલ્લા શિક્ષણા અધિકારી આર.એસ. ઉપાધ્યાય, સંઘ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, બોર્ડ મેમ્બર્સ બાનુભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, આચાર્ય મીઠાભાઈ પટેલ, જીતુભાઈ રાવલ, જગદીશભાઈ પંચાલ સહિત શેઠ.પી.એન્ડ આર હાઈસ્કૂલના શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતા.

# જાદરના પ્રસિદ્ધ મુધ્રણેશ્વર મહાદેવનો ભવ્ય લોકમેળો સોમવારથી યોજાશે

ભિલોડા, તા. ૨

ઈડર તાલુકાના જાદર ગામમાં પ્રસિદ્ધ મુધ્રણેશ્વર મહાદેવનું ૪૮૨ વર્ષ જુનું સ્વયંભુ શિવાલય આવેલુ છે. દર વર્ષે ભાદરવા માસના બીજા સોમવારથી ભવ્ય લોકમેળો ભરાય છે. આ મેળામાં આસપાસના ગામોમાંથી, જિલ્લામાંથી મહાદેવના દર્શને લાખો ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. ગામડાઓમાં મેળો એટલે આનંદ પ્રમોદનું, ખરીદીનું અને ફેશનનો આગવો મહિમા. કોઈ પણ મનુષ્યને સાપ કે ઝેરી જનાવર કરડે તો જાદરના મુધ્રણેશ્વર દાદાનું નામ લેવાથી અલૌકિક ચેતના જાગૃત થાય છે. દાદાના નામની બાધા રાખી તુરંત સુતરનો કાળો દોરો સર્પદંશ થયો હોય તેની ઉપરની બાજુએ કસીને બાંધી દેવામાં આવે છે. દાદાને શ્રીફળ વધેરવાની બાધા લેવામાં આવે છે. ત્યારે તરત જ રાહત થાય છે. સર્પદંશવાળાને મંદિર પરિસરમાં આવેલ કડવા લીમડાના પાન ચાવવા આપી ઝેર ઉતારાય છે. જેના પાન ચાવવાથી તેનો સ્વાદ મીઠો લાગે છે. ધાર્મિક માનતા પુરી થતાં દર વર્ષે મેળાના દિવસે શ્રીફળ વધેરવા અને દાદાના ચરણમાં માથુ નમાવવા લોકો આવે છે. સતત ત્રણ દિવસ મેળાનું આયોજન જાદર ગ્રામ પંચાયત અને શિવમંડળ કરે છે. કોચીના પૂજ્ય જગદ્‌ગુરૂ શંકરાચાર્યએ પણ આ મંદિરમાં રાત્રી રોકાણ કરેલુ. એસ.ટી. તંત્ર દ્વારા મેળા માટે ખાસ આજુબાજુના ગામોમાંથી બસો મુકવામાં આવે છે.

# પ્રાંતિજ ખાતે ભાજપ તાલુકા શહેર મંડળ દ્વારા બૃહદ કારોબારીની બેઠક

## કોંગ્રેસના ૫૦ કાર્યકરો ભાજપમાં જોડાયા

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભાજપ તાલુકા તથા શહેર મંડળની હોદેદારોની બૃહદ કારોબારીની બેઠક યોજાઈ હતી. જેમાં પ્રાંતિજ તથા તાલુકામાંથી ૫૦ કોંગ્રેસના કાર્યકરોએ કેસરીયો ખેસ ધારણ કર્યો હતો.



પ્રાંતિજ ખાતે વી.એસ. રાવલ પીટીસી કોલેજ સંકુલ ખાતે ભારતીય જનતા પાર્ટીની બૃહદ કારોબારીની બેઠક મળી હતી. જેમાં સાબરકાંઠા જિલ્લા પ્રભારી પ્રદીપસિંહ વાઘેલા, સાંસદ દિપસિંહ રાઠોડ, જે.ડી. પટેલ, પૂર્વ મંત્રી જયસિંહ ચોહાણ, વી.ડી. ઝાલા, જયેન્દ્રસિંહ, તાલુકા પંચાયત સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ સહિત તાલુકા તેમજ શહેર મંડળના પ્રમુખો નગરપાલિકા સદસ્યો ભાજપ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. જયારે આ પ્રસંગે પ્રાંતિજ તથા તાલુકામાંથી ૫૦ જેટલા કોંગ્રેસી કાર્યકરો કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપમાં વિધીવત જોડાઈ કેસરીયો ખેસ ધારણ કર્યો હતો જેમાં કોંગ્રેસના નૃપાંશ પટેલ સહિત એ.કે. પટેલ તથા નિખીલ પટેલ પણ ભાજપમાં જોડાયા હતા. જયારે નવા વરાયેલા પ્રદેશ અગ્રણી પ્રદિપસિંહ વાઘેલાને સાફો પહેરાવીને તથા તલવાર આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું જયારે આવનાર વિધાનસભાની ચૂંટણીને લઈને ચર્ચાઓની સાથે ભાજપ દ્વારા યોજાનાર કાર્યક્રમો વિષે ચર્ચાઓ કરવામાં આવી હતી.

# માલપુરના ખડીયાકા રાજા ગણેશોત્સવમાં ભગવાનને છપ્પન ભોગના અન્નકૂટના દર્શન યોજાયા



હાલ ભાદરવા સુદ ચોથથી અનંત ચૌદશ સુધી દસ દિવસનો ગણેશોત્સવ ચાલી રહ્યો છે ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભગવાન વિઘ્ન વિનાયકનો મહોત્સવ ખુબ ધામધૂમથી ઉજવાય છે. તેના ભાગરૂપે માલપુર શહેરની મધ્યમાં આવેલા ખાડીયા ચાર રસ્તા વિસ્તારમાં ખાડીયા યુવક મંડળ દ્વારા ભગવાન ગજાનનની ખાડીયાકા રાજા નામની ભવ્ય મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું છે દરરોજ અલગ અલગ ઉત્સવો રૂપે ઉજવણી કરવા માં આવે છે. ત્યારે આજે માલપુરના ખાડીયા ચાર રસ્તા વિસ્તારમાં ભગવાન ગણપતિને ૫૬ ભોગનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. અલગ અલગ વાનગીઓ અને મિષ્ટાન્ન બનાવી ભગવાનને ભાવપૂર્વક અર્પણ કરવામાં આવ્યા હતા. ૫૬ ભોગના દર્શનનો લાભ લેવા ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી. આમ માલપુરના ખાડીયા કા રાજા ગણેશ મહોત્સવ ભારે ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે.

# મોડાસા ચાર રસ્તા પર બજરંગ દળ દ્વારા ચાઈનીઝ પ્રોડક્ટની હોળી

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તા પર શુક્રવારે બપોરે રાષ્ટ્રવ્યાપી જનજાગરણ ‘ચલી દેશભક્તો કી ટોલી જલાને ચીની વસ્તુઓ કી હોલી’ના નેજા હેઠળ બજરંગ દળ દ્વારા ચાઈનીઝ ચીજવસ્તુઓની હોળી કરી ચાઈનીઝ પ્રોડક્ટનો બહિષ્કાર કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો.



મોડાસા શહેર ચાર રસ્તા પર શુક્રવારે બપોરે બજરંગ દળ પ્રતીક પટેલ અને સદસ્યો તથા વિશ્વ હિંદુ પરિષદના રામભાઈ પટેલ, કનુભાઈ પટેલની રાહબળી હેઠળ મોટી સંખ્યામાં ચાઈનીઝ ચીજવસ્તુઓ જેવા કે રમકડાં, એલઈડી અને ચાઈનીઝ મોબાઈલ કંપનીઓના બેનર સળગાવી બેનર ફાડી વિરોધ પ્રદર્શન અને ચીની વસ્તુઓનો બહિષ્કાર કરવાની અને સ્વદેશી ચીજવસ્તુઓ અપનાવવાનો આગ્રહ કરી ચાઈના સામે વિરોધ કરતા સૂત્રોચ્ચાર પોકાર્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં ખેલ મહાકુંભનો પ્રારંભ

આજરોજ અરવલ્લી જિલ્લાના મેઘરજ પી.સી.એન. હાઈસ્કૂલ ખાતે ખેલ મહાકુંભનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. મહાકુંભમાં રસ્સાખેંચમાં ભાઈઓ જેમાં યુ. ૧૭ ભાઈઓ દ્વારા પ્રથમ નંબરે આવનાર પી.સી.એન. હાઈસ્કૂલ મેઘરજ છે. જ્યારે બીજા નંબરે આવનાર લિંભોઈ હાઈસ્કૂલ આવેલ છે. જ્યારે બહેનોમાં પ્રથમ નંબરે આવનાર શ્રી એન.એચ. હાઈસ્કૂલ, બાયડ આવેલ છે. બીજા નંબરે આવનાર આદર્શ વિદ્યાવિહાર ઉજળેશ્વર છે. જ્યારે એ.બી.-૧૭માં ભાઈઓમાં પ્રથમ નંબરે આવનાર ચોઈલા હાઈસ્કૂલ છે. બીજા નંબરે આવનાર મોટી ચીંચણા, જ્યારે મહેમાનોમાં પ્રથમ આવનાર શ્રી એન.એચ. શાહ હાઈસ્કૂલ, બાયડ, જ્યારે બીજા નંબરે આવનાર શ્રી સી.જી. બુટાલા હાઈસ્કૂલ આવેલ છે.